|| ૐ અખંડાનંદ કી જય ||
|| ૐ પરમપદ્ નિવાસી જ્ઞાનદાતા સદ્‌ગુરુશ્રી વલ્લભરામ મહારાજ કી જય ||
|| ૐ પ્રણવાધિવક્તા મોક્ષમાર્ગાચાર્ય સદ્‌ગુરુશ્રી રમુજીલાલ મહારાજ કી જય ||
|| ૐ મોક્ષમાર્ગ ધર્મ કી જય ||

# " પરમપદ્ નિવાસી જ્ઞાનદાતા સદ્‌ગુરુશ્રી વલ્લભરામ જન્મ શતામૃત મહોત્સવ વર્ષ સ્મરણાર્થે આત્મિક યોગદાન વર્ષ "

## પરમ્પૂજ્ય ગુરુમહારાજશ્રીની આજ્ઞાનુસાર શતામૃત મહોત્સવ વર્ષના બાકી રહેલા સુકૃત કર્મો કરવા બાબત.

હમણાં આખી દુનિયામાં કોરોના વાયરસની મહામારી ફેલાયેલ છે, તેને કારણે આપણે સર્વે મુમુક્ષુઓ શતામૃત વર્ષમાં (૧૭૫મું જન્મ વર્ષ) બાકીના સુકૃત કર્મો ઉજવી શકતા નથી. તેનું મુખ્ય કારણ ભારત સરકારના કાયદાનુસાર આપણે એકત્ર થઈ શકતા નથી. આ કોરોના વાયરસની મહામારી વિશ્વમાંથી (દુનિયામાંથી) ક્યારે વિદાય થશે અથવા નાશ પામશે તે આપણને કોઈને પણ ખબર નથી. કારણકે કુદરતની આગળ અને નિયતિની આગળ દુનિયામાં કોઈનું કાંઈ ચાલતું નથી.

પ્રભુ સદ્‌ગુરુશ્રીની કૃપાથી જ્યારે પણ કોરોના વાયરસની મહામારી ફાની દુનિયામાંથી નાશ પામશે અને ભારત સરકાર જ્યારે ધાર્મિક ઉત્સવો ઉજવવાની પરવાનગી આપશે ત્યારે આપણે બાકી રહેલા શતામૃત મહોત્સવ વર્ષના સુકૃત કર્મો કરી શકીશું, તે માટે પ્રભુ સદ્‌ગુરુશ્રીને પ્રાર્થના કરીએ કે તે આગામી વર્ષ **"પરમપદ્ નિવાસી જ્ઞાનદાતા સદ્‌ગુરુશ્રી વલ્લભરામ જન્મ શતામૃત મહોત્સવ વર્ષ સ્મરણાર્થે આત્મિક યોગદાન વર્ષ"** ઉજવી શકીએ.

સદ્‌ગુરુશ્રી વલ્લભરામે આપણાં માટે અથાગ શ્રમ વેઠીને પોતાના ખરા અંતરના આશીર્વાદથી આપણું કલ્યાણ ઈચ્છી ઉપદેશ આપ્યો છે અને આપણે લીધો છે, છતાં તેનો કોઈ ઉપયોગ કરી શકતા નથી. જ્યારે લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે નિર્ભાગી મનુષ્યો જેમ મોં ધોવા જાય છે. તેમ કેટલાક સંસ્કારહીન મનુષ્યો ધર્મનું કાર્ય કરવાનો સમય આવતાં માયાની જંજાળમાં આત્માનો ઉદ્ધાર સાધી શકતાં નથી. સદ્‌ગુરુશ્રી વલ્લભરામે આપણને સન્માર્ગે દોરી તથા જ્ઞાનગંગાના મહાન પ્રવાહમાં વારંવાર નવડાવી આપણને જ્ઞાનામૃતનો અથાગ બ્રહ્મરસ પીવડાવ્યો છે અને આત્મજ્ઞાન તથા પરમાત્મજ્ઞાનનો પરિપૂર્ણ રસ ચખાડ્યો છે. તો તેઓશ્રીનો તે ઉપકાર આપણાથી હજારો જન્મે પણ વાળી શકાય તેમ નથી. તે માટે આપણે સર્વે મુમુક્ષુઓએ કાંઈક કરવું જોઈએ. કારણકે આપણી પવિત્ર ધર્મધારી ભારત ભૂમિમાં પૂનિત જીવાત્માઓને સત્કર્મમાં પ્રવર્તવા અને ધર્મની સત્ય ક્રિયાઓ પળાવવા તથા આત્મકલ્યાણના કર્મો કરાવવા માટે જ સદ્‌ગુરુશ્રી વલ્લભરામે જન્મ લઈ આપણને ઉચ્ચ સ્થાનના અધિકારી બનાવ્યા છે. તો તેના માટે આપણે કાંઈક કરવું જોઈએ અને કરીએ તો જ તેમના સાચા શિષ્ય ગણાઈએ. તો આપણે સૌ મુમુક્ષુઓ **પરમપદ્ નિવાસી જ્ઞાનદાતા સદ્‌ગુરુશ્રી વલ્લભરામ જન્મ શતામૃત મહોત્સવ વર્ષ**માં બાકી રહેલા સુકૃત કર્મો કરીને આપણા આત્મકલ્યાણ કરવા, સદા દુઃખની નિવૃત્તિ અને અખંડ સુખની પ્રાપ્તિ કરવા પરમપૂજ્ય ગુરુમહારાજશ્રીની આજ્ઞાનુસાર વલ્લભવાડીમાં અને વલ્લભાશ્રમમાં એકત્ર થઈને સુકૃત કર્મો કરીએ.

૧. આપણે સૌ કરોડોવાર જન્મ્યાં અને મર્યા, તો પણ આ ઘંટીયંત્ર જેવા જીવનના ચકવાતમાં ફરવાનો છેડો આવ્યો નહિ. તેમજ આવશે નહિ, માટે ખીલડારૂપી સદ્‌ગુરુશ્રીને અને સર્વેશ્વરને સ્વાધીન થાવ તેમજ જીવનમુક્તિ તથા આત્મશાંતિ પ્રાપ્ત કરો તેના સિવાય કોઈ સાચી શાંતિ મળવાની નથી.

૨. ગુરુગીતામાં કહ્યું છે કે – વેદશાસ્ત્રો જાણવામાં સુખ નથી. મંત્રયંત્રની સાધનામાં સુખ નથી, એટલે કે પૃથ્વીના તળમાં સદ્‌ગુરુશ્રીની કૃપા સિવાય કોઈ ઠેકાણે સુખ નથી.

૩. જપ, તપ, વ્રત, તીર્થ, યજ્ઞ અને દાન કરનારાઓ જ્યાં સુધી ગુરુ તત્વ જાણતા નથી ત્યાં સુધી તમામ નિરર્થક છે. માટે પૂર્ણપ્રેમ અને સદ્‌ભાવથી ગુરુકૃપા મેળવાય છે. અને મોક્ષપદ (સાયુજ્ય મુક્તિ)ની પ્રાપ્તિ થાય છે. માટે અનુભવી ભક્તે કહ્યું છે કે ;

"ગુરુ ચરણથી મુક્તિ છે, ગુરુ ચરણને સેવ;<br>ગુરુની જ કૃપા વડે, રીઝશે દેવાધિ દેવ."

ગુરુ વિના આ સંસારમાં કોઈ શ્રેષ્ઠ નથી, શ્રુતિઓ તે પદનું વર્ણન કરવા સમર્થ ન હોવાથી "નેતિ નેતિ" ઉચ્ચારે છે. માટે મનસા, વાચા, કર્મણાથી સત્ય સ્વરૂપ ગુરુની સર્વદા કૃપા મેળવી આરાધના કરવી.

૪. તે માટે કહ્યું છે;

"ધ્યાનમૂલં ગુરોમૂર્તિ: પૂજામૂલં ગુરો: પદમ્;<br>મંત્રમૂલં ગુરોર્વાક્યં મોક્ષમૂલં ગુરો: કૃપા."

## માનવ જન્મનો હેતુ

મનુષ્ય જીવનનો પરમ આદર્શ માત્ર મોક્ષ છે. જેના જીવનમાં આ પરમ આદર્શ નથી, તેનું જીવન અજાગળ સ્તન સમાન નિરર્થક છે. અનેક જન્મ જન્માંતરો ભટકાતાં પાપફળ ભુક્તમાન કરી, મહાન પૂણ્યોદય થાય ત્યારે જ મનુષ્ય જન્મ મળે છે. તે સમયે જે મનુષ્ય મોક્ષપ્રાપ્તિનો પરમાદર્શ ભૂલી જઈ માયામાં મોહાન્ધ, વિષયાંધ અને મદાન્ધ અથવા રાગી બનીને જે મોક્ષ સિધ્ધી પ્રાપ્ત કરી શકતો નથી, તેવો મનુષ્ય જગતમાં જન્મ્યો તો યે શું ? જીવ્યો તો યે શું ? અને મર્યો તો યે શું ? અર્થાત તેના જન્મ, જીવન અને મૃત્યુ ત્રણેય નિરર્થક છે.

હે મુમુક્ષુઓ આપણા સદ્‌ગુરુશ્રી વલ્લભરામ તથા સદ્‌ગુરુશ્રી રમુજીલાલે કઠિન સાધનાકાળ તથા કઠિન પરિશ્રમ ઉઠાવીને આપણા સહુ મોક્ષમાર્ગ ધર્મ સમાજ માટે પોતાનું આધ્યાત્મિક યોગદાન તથા પૂણ્ય ટ્રસ્ટ કરી જઈને આપણા મોક્ષ લક્ષને સરળતાથી સાધી શકાય તેવી વ્યવસ્થા કરેલી છે. તો શું, આપણા સહુનું તેમના માટે કંઈ સમર્પણ અથવા યોગ-પ્રયોગ કર્મ કરી અર્પણ કરવાનું કર્તવ્ય નથી ? **પરમપદ્ નિવાસી જ્ઞાનદાતા સદ્‌ગુરુશ્રી વલ્લભરામ જન્મ શતામૃત મહોત્સવ વર્ષ**ને ઉત્સાહ પૂર્વક ઉજવવા માટે આ જન્મે આપણે સહુ ધર્મબંધુઓ મુમુક્ષુજનો ભાગ્યશાળી બન્યા છે. પરંતુ સમય અને સંજોગો તથા કોરોના વાયરસ જેવી જીવલેણ મહામારીના કારણે આપણા આધ્યાત્મિક કાર્યો હાલ પૂરતા સ્થગિત થઈ ગયા છે તો આપણે સહુ આપણા સદ્‌ગુરુશ્રીને હૃદયપૂર્વક, શ્રધ્ધાપૂર્વક, પ્રેમપૂર્વક પ્રાર્થના કરીએ કે આપણે સહુ **કષ્ટ નિવારણ – દેહરક્ષણનો પ્રયોગ** કરી તેમની કૃપા તથા આશીર્વાદનું કવચ ધારણ કરીને તેમને સમર્પિત કરવા યોજેલા અધૂરા યોગ–પ્રયોગો તથા પ્રોગ્રામો પરિસ્થિતિ સુધરતા જ તેમના સ્મરણાર્થે **" આત્મિક યોગદાન વર્ષ "** તરીકે આનંદ પૂર્વક પૂર્ણ કરીએ તેવી જ પ્રભુ–સદ્‌ગુરુશ્રીને આજીજી પૂર્વક પ્રાર્થના સહ...

## જય પરમાત્મા

લિ.<br>વલ્લભ માનવોધ્ધારક મંડળ તથા<br>જન્મ શતામૃત મહોત્સવ સમિતિના<br>જય પરમાત્મા

ખાસ નોંધ:– આ પત્રિકા – ક્રમાંક નં. VMM /૧૦૫, વલ્લભ માનવોધ્ધારક મંડળ દ્વારા તા.૧૭–૫–૨૦૨૦ ના રોજ વલ્લભાશ્રમ,અનાવલ,તા.મહુવા,જી.સુરત મધ્યેથી વેબસાઈટ દ્વારા પ્રકાશિત કરવામાં આવી. વધુ માહિતી માટે આપણી વેબસાઈટ www.mokshmargdharm.org જોવા નમ્ર વિનંતી છે.